

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'રામમંદિર' જેવા નિર્ણયો માટે ગોદા મળે છે*
*પરિણામ 'સુપ્રીમ' સમાધાનના સોદા મળે છે!*
*ફોદા પડે છે 'ન્યાય'ના દૂધમાં શંકાની છાસથી -*
*સુપ્રીમ સત્તાના નિર્ણાયક પણ બોદા પડે છે!!*
*(પડ્યું 'રંજન' ના ગાલે સત્તાનું ખંજન!)*

હાઈકુ

*મળ્યા નથી !*
*હવે તો હરિશ્ચંદ્રો*
*ન્યાયાસને !!*

*કોર્ટમાં પણ -*
*કરાવે સત્તાધીશો -*
*મનો-'રંજન'...*

### ચિંતન

**પારસરુપી જીવન હૈ, લોહ રુપ સંસાર,**
**પારસ તે પારસ ભયા, પરસ ભયા ટકસાર.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર મનુષ્યના જીવન અને સંસાર વિષે વાત કરતાં કહે છે કે મનુષ્ય જીવનનું નિર્વિકારી સ્વરુપ 'પારસમણિ' જેવું પરમાર્થિક છે અને સંસારી અને વ્યવહારિક સ્વરુપ લોઢા જેવું છે. લોઢું પારસમણિના સ્પર્શથી સોનું બને છે, પણ પારસમણિ બનતું નથી. તે જ રીતે સંસારમાં રાચતાં જીવને પારસમણિ જેવા ગુરુ મળે તો તેના અજ્ઞાનનો જરૂર નાશ થાય છે અને આત્મજ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. પરંતુ તે સચ્ચિદાનંદ સ્વરુપી પારસ ન થાય. તે માટે તો તે સંસારી જીવાત્માને જ્ઞાન અને વૈરાગ્ય રુપી સદ્ગુણોને અપનાવી સદ્ગુરુ રુપી પારસમણિને સંગે સચ્ચિદાનંદ સ્વરુપને પામવાની જ કોશિશ કરવી જોઈએ એવી શીખ આ સાખીમાં આપવામાં આવી છે.

### સુવિચાર

- દરેક અસંતોષનું કારણ સરખામણી છે - **સંજય રાવલ**
- મિત્રએ બીજો આત્મા અને ત્રીજી આંખ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લાગી થપાટ કાળની ત્યારે જ જાણ થઈ,
  જીવન હવેલી રેતના પાયા ઉપર હતી - **'દિલહર' સંઘવી**
- અધ્યાત્મકનું ગણિત હૃદયની ઉદારતા શીખવાડે છે તો
  સંસારનું ગણિત આધ્યાત્મિક કબજિયાત તરફ લઈ જાય છે - **અમૃબિંદુ**
- સુખ રુપિયામાં નથી, રુપિયાનું રાજીપામાં રુપાંતર કરવાની કળામાં રહેલું છે - **કાંતિ ભટ્ટ**
- જેઓ ભયને લીધે ભગવાનને ભજે છે, તેઓ શેતાન આવશે, તો તેને પણ ભજશે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : વરિયાળીના શરબતમાં એક રાઈ જેટલો સુરોખાર નાખીને પીવાથી પેશાબની બળતરા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બાઈબલમાં એક કથા છે. ભગવાન ઈશુએ એક આંધળા માણસને અનુકંપાથી દેખાતો કર્યો. આગળ જતા એક મૂંગાને બોલતો કર્યો. એનાથી આગળ જઈ એક કુષ્ટરોગીને સાજો કર્યો. ઈસુએ પાછા ફરતાં જોયું તો આંધળો ગણિકાનો નાચગાન જોઈ રહ્યો છે. જે મૂંગો બોલતો થયો તે બેફામ ગાળો બોલી રહ્યો છે. અને સાજો થયેલો રોગિષ્ઠ નિર્દયી બની નિર્દોષોને રંજાડી રહ્યો છે!!

આવા દશ્યો જોઈ ઈશુ વ્યથિત થયા. તેમણે ત્રણેયને પૂછ્યું, 'આ શું કરો છો?' આંધળો કરે, 'તમે મને આંખ આપી પણ તેનો સદુપયોગ તો શીખવ્યો જ નથી.' મૂંગો કહે, 'તમે મને વાચા આપી પણ એ વાચા વડે શું બોલવું એ તો આપે મને શીખવ્યું જ નહીં.' રોગી કહે, 'તમે મને રોગથી મુક્ત કર્યો. પણ હવે મારે શક્તિનો ઉપયોગ શું કરો એ તો કહ્યું જ ન હતું.'

જાણે આ ત્રણેય કહી રહ્યા હતા કે જે દુષ્કૃત્યો તેઓ કરી રહ્યા હતા તેની જવાબદારી ઈશુની હતી !

વિવેક વિનાની ક્ષમતા એ માનવને પતનોન્મુખ લઈ જાય છે. વિચાર કરતાં પણ આચારને શ્રેષ્ઠ કહ્યો છે.

# સંકલ્પ અને સંયમથી મહામારીને મીટાવીએ

**તંત્રીસ્થાનેથી...**

દુનિયા આખી કોરોના વાઈરસના ભરડામાં સપડાઈ છે ત્યારે ચીન પછી સૌથી વધારે વસતિ વાળા આપણા દેશમાં આ મહામારીનો ચેપ પારાવાર જાનહાનિ નોતરી શકે છે. અન્ય દેશોની સરખામણીમાં કોરોનાનો કોપ ભારત પર હાલ પૂરતો ઓછો વરતાઈ રહ્યો છે પરંતુ એની એન્ટ્રી તો થઈ જ ચૂકી છે અને ચેપવાળા માણસોની સંખ્યા પણ વધી રહી છે. જયારે આવા વાઈરસ સામે લડવાની ક્ષમતા જ માનવજાતે વિકસાવી ન હોય, એની રસી ન શોધાઈ હોય અને સ્પર્શથી તથા થૂંકથી કે છીંકથી અને ઉધરસથી એ ફેલાય છે એવી વૈજ્ઞાનિક માહિતી ઉપલબ્ધ થઈ ચૂકી હોય ત્યારે એનાથી બચવાનો એક માત્ર ઉપાય છે 'સેલ્ફ આઈસોલેશન' માણસે જાતે જ અન્ય લોકોના સંપર્કમાં ન અવાય એ રીતે રહેવાની ટેવ પાડવી પડે. આગામી દિવસોમાં ચેપ અનેક ગણો ફેલાશે એવી ધાસ્તી સકારણ છે. આખી દુનિયામાં બધા જ દેશોએ પોતપોતાની રીતે આ મહામારીના ચેપથી બચના ઉપાય શરૂ કર્યા છે. જેમને ચેપ લાગી ચૂકેલ છે એવા દરદીઓ બજાઓને ચેપ ન લગાડે એ માટે એમને આઈસોલેશન વોર્ડ્સમાં રાખવા જરૂરી છે. વળી બહારથી આવનાર તમામને ક્વૉન્ટાઈન કરી એ વાઈરસના વાહક તો નથી તે નક્કી કરવું જરૂરી બન્યું છે. પરિણામે દેશ આખાને તાળાબંધી લગાડવી પડી છે, જે કદાચ દેશના ઈતિહાસમાં પહેલી જ વાર બન્યું છે. અન્ય દેશોમાંથી આવતી ફલાઈટો અટકાવી દેવાઈ છે. ઘણી બધી ટ્રેનો રદ કરાઈ છે. સામાન્ય સંજોગોમાં અવરજવર માટેની સુવિધા શક્ય એટલી વધારવાનો પ્રયાસ થતો હોય છે અત્યારે એનાથી તદન સામા છેડાની પ્રક્રિયા હાથ ધરવી પડી છે, જે જાહેર આરોગ્ય માટે જરૂરી છે. પ્રધાનમંત્રીના સંબોધનમાં સંકલ્પ અને સંયમ દ્વારા વૈશ્વિક મહામારીનો સામનો કરવા દેશવાસીઓને અપીલ કરી હતી. મેળા મને મેળાવડાનો બંધ કરવાની વાત આખા દેશે સ્વીકારી છે પરંતુ કોરોના વાયરસ હવે જયારે ત્રીજા તબક્કામાં પ્રવેશવાનો છે ત્યારે પ્રજાની અવરજવર અને સંપર્કો જોખમી બની શકે છે. જે ચીનમાં થયું, જે ઈટલીમાં થયું તેમાંથી પાઠ શીખીને પ્રધાનમંત્રીએ ૨૨મીને રવિવારે જનતા કર્ફ્યુનું આહ્વાન કર્યું. દેશના મોટાભાગે સમર્થન જાહેર કર્યું હોય તેવો માહોલ સોશિયલ મીડિયાથી પ્રતિબિંબિત થાય છે અને વાસ્તવમાં જનતા કર્ફ્યુ સફળ થવો જ જોઈએ... બનાવવો જ જોઈએ... પણ વાત આટલેથી અટકે તો સારુ... આવનારા ચારેક દિવસમાં સ્થિતિ વણસતી જશે તેવો તજજ્ઞોનો મત છે અને અન્ય દેશોનો ટ્રેડ રેકોર્ડ છે, ત્યારે જનતા કર્ફ્યુ માત્ર એક દિવસનો નહિ ચાલે અઠવાડિયું કે દસ દિવસ સુધી શટડાઉન કરવાની નોબલ આવી શકે છે. અને એટલા માટે ૨૨ મી તો માત્ર એક પ્રતિકાત્મક પાઈલોટ પ્રોજેક્ટ હોઈ શકે છે. આપણા દેશમાં લોકશાહી શાસન હોવાના કારણે અન્ય જેવા કડક અને લશ્કરી પગલાં લઈ શકતા નથી ત્યારે તમામ દેશવાસીઓની નૈતિક ફરજ છે કે શાસન તરફથી અપાતી સૂચનાઓનું પુરી નિષ્ઠાથી પાલન કરીએ. વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવનને બચાવવાની પડકારજનક સ્થિતિમાં સૌ સંકલ્પ કરે કે આપણે બચીએ - દેશ બચાવીએ અને વિશ્વ બચાવીએ.

# યહા કોઈ કીસી સે પ્યાર નહીં કરતા...સબ ઝરુરત કે રિશ્તે હૈ....રિશ્તે કી ઝરુરત કીસી કો નહીં...



## ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

**યહા કોઈ કીસી સે પ્યાર નહીં કરતા...સબ ઝરુરત કે રિશ્તે હૈ....રિશ્તે કી ઝરુરત કીસી કો નહીં...**

**- યુગપુરુષ**

ઈ.સ.૧૯૯૮માં પાર્થો ઘોષના દિગ્દર્શનમાં બનેલી 'યુગપુરુષ'માં નાના પાટેકર,મનીષા કોઈરાલા અને જેકી શ્રોફ જેવા માંધાતાઓએ અભિનયના ઓજસ પાથર્યા હતા. મૂળ રશિયન લેખક દોસ્તાયેવસ્કીની ૧૮૬૯માં લખેલ નવલકથા ' ધ ઈડિયટ' પરથી આ ફિલ્મ બનાવવામાં આવી હતી.

આ ફિલ્મનાં સંવાદ હૃદય લાનીએ લખ્યાં હતા. એક માનસિક અસ્વસ્થ વ્યક્તિ(નાના પાટેકર) કે જે આ કહેવાતી વ્યવહારું દુનિયામાં પોતાની જાતને ગોઠવી નથી શકતો. તે એક વારાંગના(મનિષા કોઈરાલા) અને તવંગર નબીરો(જેકી શ્રોફ)ની આસપાસ ફરતી આ કથા સંવેદનશૂન્ય સંબંધોની વાત કરે છે.

આવા જ અર્થસામ્યને દર્શાવતો એક શ્લોક મહાભારતનાં 'શાન્તિ પર્વ'માં એક શ્લોક મળી આવે છે.

માતૃપિતૃસહસ્ત્રાણિ પુત્રદારશતાનિ ચ ।
સંસારેષ્વનુભૂતાનિ કસ્ય તે કસ્ય વા વયમ ॥

સંસારમાં હજારો માતા-પિતા તથા હજારો પુત્ર તથા પત્નિઓનો અનુભવ છે, કે આ સંસારમાં કોણ કોનું થયું અને આપણે પણ કોના થયા !!

વાસ્તવમાં નશ્વર એવી આ દુનિયામાં સહું સ્વાર્થના સગા છે,અને આ સત્ય શાશ્વત છે. મહાભારત તો એવો ગ્રન્થ છે,જેમા લખાયેલી બધી જ વાતો આજે હજારો વર્ષો પછી પણ પ્રસ્તુત છે, અને આવનારા સમયમાં પણ આ ગ્રન્થ પ્રસ્તુત જ રહેવાનો છે.

વાસ્તવમાં આપણે ઉમેરવું જોઈએ કે સંસ્કૃત જેવી દેવભાષા ક્યારેય મૃત હોઈ જ ન શકે. આ ભાષાના વિપુલ સાહિત્યભંડારને કારણે જ આપણે વિશ્વગુરુ બનવાનું સ્વપ્ન ફળીભૂત કરી શકીશું.

- jayuoza@gmail.com
Mo.9898046488

# 'ઈડરિયો ગઢનો અજવાસ' પુસ્તકનું લોકાર્પણ



## સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય વૃત્ત

● ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા, ચરિત્ર, બાલસાહિત્ય તથા અન્ય સાહિત્ય સ્વરુપોમાં ખેડાણ કરી, મહત્ત્વનું પ્રદાન કરનાર સર્જન્ક જયભિખ્ખુ વિશે તાજેતરમાં એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાત વિશ્વકોશ ભવન ખાતે યોજવામાં આવેલ આ વ્યાખ્યાનમાં જયભિખ્ખુના પુત્ર ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે કલમને ખોળે માથું મૂકીને જીવનારા જયભિખ્ખુનાં ખમીર, ખુમારી અને ખુદ્દારીની રોમાંચક અને રસપ્રદ વાતો કરી, અતીતનાં સંભારણાંને વાગોળ્યાં.

● ઈડરના રાજમહેલમાં તાજ વિનાના વિદ્યાવ્યાસંગી અધ્યાપક તરીકે, સમાજહિત માટે પ્રતિબદ્ધ સમાજ સેવક તરીકે અને એક સિદ્ધાંતનિષ્ઠ પુરુષ તરીકે રાજયના કેબિનેટ કેળવણી મંત્રી તરીકે, સાફલ્યપૂર્ણ સમાજધર્મનું પાલન કરનાર પ્રો. ડૉ. કરસનદાસ સોનેરીના જીવન કવન પર આધારિત પુસ્તક 'ઈડરિયો ગઢનો અજવાસ' ના લોકાર્પણનો સમારોહ તા. ૧૫-૦૩-૨૦૨૦ના રોજ શ્રી બ્રહ્માણીકૃપા હોલ, સે-૨૩, ગાંધીનગર ખાતે, વરિષ્ઠ પત્રકાર અને ચિંતક પ્રકાશ ન. શાહના અધ્યક્ષપદે અને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ.અનામિક શાહ અને વરિષ્ઠ પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલની મુખ્ય મહેમાન તરીકેની હાજરીમાં અને સંત પરંપરાના સાધક કવિ અને સાહિત્યસભાના આજીવન સભ્ય ડૉ. દલપત પઢિયાર અને મૂર્ધન્ય સાહિત્યકાર - નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈના અધ્યપક્ષે અને નામાંકિત સાહિત્યકારો, સમાજનિષ્ઠો અને શુભેચ્છકોની પ્રેરક અને પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ સમારોહ શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઈચ્છતી સંસ્થા 'ત્રિદલ' ગાંધીનગરના ઉપક્રમે, પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી અને સાથીઓ તથા ડૉ. કરસનદાસ સોનેરીના કુટુંબીજનો અને ગ્રંથ પ્રકાશક નીરુ અશોક સોનેરીના કુટુંબીજનો સુપેરે સંપન્ન થયો હતો. સમગ્ર સમારોહમું સંકલન અને સંચાલન ડૉ. વર્ષા પારેખે કરી, સમારંભમાં ચારચાંદ લગાવી દીધા હતા.

muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

# ગણ્યું જે પ્યારૂં પ્યારાએ : અતિ પ્યારૂં ગણી લેજ



## ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

તુલસીદાસની ચોપાઈ કે નરસિંહના ઝૂલણા છંદમાં રચાયેલા કાવ્યો એ એવા સત્વવાળા સર્જનો છે જે કદી જૂના કે અપ્રસ્તુત થતા નથી. આવી રચનાઓની સરળતા,મધુરતા તથા હેતુપૂર્ણતાની કોઈ expiry date હોતી નથી. આવી રચનાઓ તરફ સામાન્ય માનવીઓનું આકર્ષણ તથા તેના સતત ઉપયોગને કારણે ચલણી સીક્કા જેવી બની રહે છે. હમેશા જીવંત તથા ધબકતી રહે છે. મારી નાડ તમારે હાથ કે મંગલ મંદિર ખોલો જેવી ચિરકાળ યુવાન રચનાઓ આપણા સાહિત્યના આભૂષણ સમાન છે. આવી રચનાઓમાં આપણાં સંત સાહિત્યના સત્વનું દર્શન થાય છે. આદ્ય ગઝલકાર નડિયાદના કવિ શ્રી બાળાશંકર કંથારિયાની ''ગુજારે જે શિરે તારે'' રચના એ પણ આવીજ એક સદા તરોતાજા લાગે તેવી સુંદર રચના છે. શ્રી બાળાશંકર કંથારિયા (૧૮૫૮-૧૮૯૮) માત્ર ચારેક દસકા જેટલું ટૂંકું જીવન જીવ્યા પરંતુ સાહિત્ય જગત પર પોતાની અમીટ છાપ છોડીને ગયા.

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.
કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો,
જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે.
વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાએ ભલાઈની, મહાલક્ષ્મી ગણી લેજે.

જીવન જીવવા માટે હમેશા ઉપયોગી એવી આ રચનામાં કહેવાયેલી વાતો હૈયાવગી રાખવા જેવી છે. શાસ્ત્રોની વાતો કે તેનો સાર સરળ તથા સહજ શબ્દોમાં વ્યક્ત કરવાની આપણાં કવિઓની શક્તિનું અહીં સ્પષ્ટ દર્શન થાય છે. અહીં શબ્દોની ચાલાકી કે વિદ્વતાપૂર્ણ અલંકારો સિવાય ઝરણાંના પ્રવાહ જેવી નિર્મળતા કાવ્યના શબ્દ પ્રયોગમાં જોઈ શકાય છે. વાત તો દિલમાં દિવો કરવાનીજ છે. ચિત્તમાં જે નબળાઈ કે ક્ષતિઓ છે તે બાહ્ય રોશનીના ગમે તેવા ઉજાસથી દૂર થતી નથી. આપણી ઉન્નતિમાં બાધારૂપ ક્રોધ, કામ, ઈર્ષા વગેરે જેવી વૃત્તિઓ ચિત્તમાંજ વસેલી છે. તેને તજવાની તંદુરસ્ત શિખ કવિ આપે છે. આપણાં શ્રધ્ધાપૂર્વકના પ્રયાસો તથા ભગવત્ કૃપા હોય તો આ પ્રયાસ વિશેષ સરળ બને છે. આથી કવિ કાગ પણ એક ભજનમાં ચિત્તની અશુધ્ધિઓ સામે લડવા પ્રભુકૃપાની પ્રાર્થના કરે છે.

વાસના એ વેરી છે વસમો અકળાવે અણદાદજી,
સ્મરણ તારું શામળા ! મને રહેવાદે નહિ યાદ...
સરવા ! સાંભળે તું સાદ... જી...

કવિ પરમતત્વને 'સરવા' કહીને સંબોધે છે. તેની કૃપા માગનારને મળે છે. કારણ કે તેની સાંભળવાની શક્તિ સવિશેષ છે. ઉપરાંત તેઓ દીનદયાળુ છે તેથી ફરિયાદ તો તેનેજ કરી શકાય.

બિરદ તારું દીન દયાળુ મારી કેદુની ફરિયાદજી
'કાગ' તને સૌ કહે કૃપાળુ દેતો નથી કાં દાદ....
સરવા સાંભળે તુ સાદ... જી...

શાસ્ત્રોએ તો સત્ય બોલવા તથા પ્રિય બોલવા પર ભાર મૂકેલો છે. (સત્યમ્ બ્રુયાત, પ્રિયમ્ બ્રુયાત) છતાં વ્યવહારના જગતમાં કોઈ અપ્રિય ઘટના બને, કોઈ વાણીનો અવિવેક દર્શાવે તો પણ તેનો પ્રતિસાદ તો પ્રિય શબ્દોથીજ આપવો તેવી શિખ કવિએ આપી છે. ચંડકોશી નામનો મહા વિષધર સર્પ ઝેરનો પ્રવાહ ૨૪મા તિર્થંકર તથા સર્વ જીવો પર કૃપા કરવાવાળા મહાવીર સ્વામી તરફ વહેતો કરે તો મહાવીર સ્વામીનો પ્રતિભાવ તો શ્વેત – શુભ્ર દૂધની અમૃતધારા થકીજ મળે છે.

પ્રારબ્ધ હશે તો જરૂર પ્રાપ્ત થશે પરંતુ તેની રાહ જોઈને બેસી રહેવામાં હતાશા પ્રાપ્ત થવાના સંજોગો વિશેષ છે. રાત્રિનું કાળુ ધાબુ માથે લઈને સૂવાવાળા આપણાં સૌ માટે પંખીના ટહુકા સાથેના સોનેરી પ્રભાતનું કુદરતે આયોજન કરેલુજ છે. આથી બીનજરૂરી અપેક્ષાઓ – મહત્વાકાંક્ષાઓના બદલે શ્રધ્ધા સાથે કર્મમાં વ્યસ્ત રહેવાથીજ ફળપ્રાપ્તિની આસક્તિ મટે છે. આ વાત ગીતાકારે પણ દોહરાવી છે. પૃથ્વી પર અવતાર ધારણ કરનાર દરેક માનવીને ઉર્ધ્વગતિ કરવાની શક્તિતો કુદરતની કૃપાથી મળેલી છે. આથી સત્કર્મોના સહારે પ્રભુનામની માળાના મણકા પૂરા વિવેક તથા આદર સાથે પરોવીને ''તેરા તુજકો અર્પણ'' નો ભાવ હૈયામાં ધરવા કવિ સમજાવે છે. અંતે તો 'ઈશ્વરેચ્છા બલિયસી' નો સંકેત સમજીને, તેને પચાવીને જીવવાની વાત કાવ્યમાં સુરેખે વણી લેવામાં આવી છે. જગતના તાતને જે પ્રિય લાગ્યું – પ્યારું લાગ્યું તે આપણા માટે હિતકારી હોયજ તેવી મીરા કે નરસિંહની શ્રધ્ધા સ્વમાં રોપવાની આ અમૂલ્ય સલાહ છે.

જે વિધિ નિર્માણ છે તેનો સ્વસ્થતાથી સ્વીકાર કરવાની વાત ''ગુજારે જે શિરે તારે'' ની પંક્તિઓમાં બાલાશંકર કંથારીયાએ કરી છે. કોઈક માટે કંઈક કરી છૂટવાની વૃત્તિને કવિએ જીવનની મહાલક્ષ્મી ગણાવી છે. માનસમાં સંત તુલસીદાસે કહેલી વાતનો અહીં પડઘો પડે છે.

પરહીત સરીસ ધરમ નહિ ભાઈ,
પર પીડન સમ નહિ અધમાઈ.

# ગાંધીનું જીવન અને રચનાત્મક વિકાસ



## ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

બાપુના બાબલા તરીકે ઓળખ પામેલા અને તાજેતરમાં ૧૫ માર્ચે જેમની પુણ્યતિથિ ગઈ તેવા નારાયણ મહાદેવ દેસાઈ ગાંધી કથામાં ગાંધીના ચરિત્રને રજૂ કરતાં એક શબ્દ પ્રયોજતા હતા, ગાંધી એટલે નિત્ય પરિવર્તનશીલ. ગાંધીને જયારે જયારે સારી વસ્તુ જણાય ત્યારે તેનો સહર્ષ સ્વીકાર કરતા હતા. અને એ પછી પ્રયોગના આધારે જો યોગ્ય જણાય તો પોતાના પ્રયોગ અનુભવ બીજા સાથે વહેંચતા હતા. આમ ગાંધી એમની નિત્ય પરિવર્તનશીલ રચનાત્મક કાર્યોમાં ખૂબ સહજતાથી જોડી દેતા હતા.

ગાંધીજીનું જીવન એ સમાજશાસ્ત્રીય દષ્ટિએ સમજવાનો પ્રયાસ કરીએ તો સમજાય છે કે સામાજિકીકરણની આખી પ્રક્રિયા તેમને કેવી રીતે આત્મસાત કરીને વૈશ્વિક માનવ તરીકે જગતભરમાં સ્વીકૃતી પામ્યા છે. સામાજિકીકરણ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિ પોતાના સમાજના વિચારો, માન્યતાઓ, મૂલ્યો, જીવન પદ્ધતિ વગેરેને આત્મસાત કરીને પોતાની અને અન્ય લોકોની સમાજ યોગ્ય ભૂમિકાઓની જાણકારી મેળવે છે અને એના આધારે વ્યક્તિ પોતાની ભૂમિકા ભજવવા અને અન્ય સભ્યો સાથેના વ્યવહાર કરવાની વિવિધ રીતે શીખે છે અને સમાજ જીવનમાં પોતાની યોગ્ય જગ્યા સંભાળે છે. (ડિકશનરી ઓફ સોશિયોલોજી, વિલિયસ પી. સ્કોટ) સમાજશાસ્ત્ર આ રીતે સામાજિકીરણ સમજાવે છે. હવે જો આ વ્યાખ્યાના આધારે મો.ક. ગાંધી વિશે જોઈએ તો સ્પષ્ટ સમજાય કે પોતાની ભૂમિકા અને ભૂમિકા ભજવણીથી આ વ્યક્તિએ વ્યક્તિ નહીં સંસ્થા જેવું રચનાત્મક કામ કર્યું હતું. રચનાત્મક કાર્યક્રમ દ્વારા સમાજ વિકાસને તેમણે વધુ ઉજ્જવળ બનાવ્યો છે.

ગાંધીજીના જીવનના અભ્યાસુ સમક્ષ એક વાત સહેજે તરી આવે છે કે પ્રારંભથી જ તેઓ ગુણગ્રાહી હતા. સત્પ્રવૃત્તિઓ અને સદ્ગુણો તરફ તેઓ આકર્ષાતા અને અમલમાં મૂકવા પ્રયત્નશીલ બનતા. એણે લીધે રંભાબાઈ એ પામેલો રામનામનો મંત્ર, શ્રવણની માતૃપિતૃભક્તિ, હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા, એમની માતાની વ્રતનિષ્ઠા, પિતાની માંદગી સમયે સતત સેવાચાકરી કરતી વખતે પિતા પાસે ધર્મચર્ચા કરવા આવનારા જુદા જુદા ધર્મના અનુયાયીઓ પાસેથી અનાયાસે સાંભળવા મળેલી ધર્મની વાતો, ધર્મગ્રંથોનું પારાયણ, શાળાના અભ્યાસ દરમિયાન વાંચવામાં આવેલો શામળનો નીતિનો છપ્પો વગેરે પ્રગંસોએ એમના જીવનમાં સત્ય, અહિંસા, પ્રેમ, સેવાવૃત્તિ, દયાભાવના, ઈશ્વરભક્તિ, નૈતિકતા, સર્વધર્મસમભાવ વગેરે મૂલ્યો રોપ્યાં. સમય જતા એના અનુશીલને એ મૂલ્યો સુદૃઢ થયાં અને એમના જીવનમાં ચિરંજીવ સ્થાન પામ્યા. કેટલાક માઠા પ્રસંગો પણ એમના જીવનમાં જરૂર આવ્યા, પણ એ સર્પની કાંચળીની જેમ અસ્થાયી અસર ઉપજાવી નીકળી ગયા.

પિતાના મૃત્યુએ ગાંધીજીના જીવનમાં જવાબદારીની ભાવના જન્માવી. ત્યારથી જ તેઓ પાઈ એ પીનો હિસાબ રાખતાં અને કરકસરથી રહેતાં શીખ્યા. મેટ્રિક પાસ થયા એટલે વિલાયત જઈ બારિસ્ટર થવાની સલાહ સહર્ષ વધાવી લીધી અને ત્યાંના અભ્યાસકાળ દરમિયાન દુર્ગુણોથી બચવા માતા પાસે માંસ, મદિરા અને સ્ત્રી સંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી. ત્યારથી એમનું જીવન વ્રતબદ્ધ થયું. પરદેશ જતી વખતે એમને વિદાયમાન આપવા તેમની શાળા - આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં મેળાવડો યોજાયો તે પ્રસંગે એમણે કહેલું : 'હું આશા રાખું છું કે બીજાઓ મારો દાખલો લેશે અને ઈંગ્લેન્ડથી પાછા આવ્યા બાદ હિંદુસ્તાનમાં સુધારાનાં મોટાં કામો કરવામાં ખરા જિગરથી ગૂંથાશે.' આ શબ્દોમાં સાચા દિલના સમાજસુધારક બનવાની અને બીજાને બનાવવાની ગાંધીજીની ઉત્કટતાથી આપણને ઝાંખી થાય છે. તેઓ કોઈ નિશ્ચિત ધ્યેય લઈને ઈંગ્લેન્ડ જાય છે. ત્યાં ખંતથી અભ્યાસમગ્ન બને છે અને અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ ચીવટથી પ્રતિજ્ઞાને વળગી રહે છે. કેટલાક ધાર્મિક વૃત્તિવાળા ખ્રિસ્તી મિત્રોની સંગતિમાં બાઈબલ, ગીતા, બુદ્ધચરિત્ર વગેરે ધર્મગ્રંથોનું અધ્યયન પણ કરે છે અને અભ્યાસ પૂરો થતાં સુધારાની ધગશ સાથે હિંદ પાછા ફરે છે.

**ગાંધીની નિત્ય પરિવર્તનશીલતાએ સમાજ વિકાસનું કાર્ય કર્યું**

હિંદ આવતાં જ માતાના મૃત્યુના આઘાતજનક સમાચાર મળ્યા. પણ એ દુઃખનો અંતસ્તલમાં સમાવી દુન્વયી વ્યવહાર પર એની જરાય અસર ન પડવા દીધી. વિલાયત જતી વેળા જ્ઞાતિએ એમને નાત બહાર મૂક્યા હતા. હવે એ જ્ઞાતિમાં બે તડ પડી ગયા હતા. એક તડે ગાંધીજીને નાતમાં લીધા, બીજાએ ન લીધા. એ અંગે ગાંધીજીએ કહેલું, 'જે તડથી હું નાતબહાર રહ્યો હતો તેમાં પ્રવેશ કરવા મેં કદી પ્રયત્ન ન કર્યો. ન મેં નાતના કોઈ પણ શેઠ પ્રત્યે મનમાંયે રોષ કર્યો. મારા પ્રત્યે તિરસ્કારની નજરે જોનાર પણ તેમાં હતા. તેઓની સાથે નમીને ચાલતો. નાતના બહિષ્કારના કાયદાને સંપૂર્ણ માન આપતો. મારાં સાસુસસરાને ત્યાં કે મારી બહેનને ત્યાં પાણી સરખું ન પીતો. તેઓ છૂપી રીતે પાવા તૈયાર થાય. પણ જે વસ્તુ જાહેરમાં ન કરાય તે છૂપી રીતે કરવા મારું મન જ કબૂલ ન કરતું.' અસહયોગી પ્રત્યે ગાંધીજીએ દાખવેલી આ ઋજુતા, નમ્રતા અને અનાક્રમકતા પાસે પક્ષની એમના પ્રત્યે માન અને ઉદારતામાં પરિણમી. ગાંધીજીની કાર્યપદ્ધતિની આ લાક્ષણિકતા એ વાતની પણ ઝાંખી કરાવે છે કે અહિંસા એમના સ્વભાવમાં ઓતપ્રોત હતી.

હવે એમને કૌટુંબિક જવાબદારીઓ પણ સંભાળવાની હતી. એ માટે એમણે વકીલાતનો પ્રારંભ મુંબઈમાં કર્યો. પણ પ્રારંભની મુશ્કેલીઓ, વદતી જતી આર્થિક જવાબદારી, નહીંવત કમાણી, કાઠિયવાડની ખટપટના અનુભવમાંથી ભોગવવી પડેલી માનસિક યાતના વગેરે કારણોને લીધે વકીલાતમાંથી એમનું મન ઉઠી ગયું. બરાબર એ વખતે દક્ષિણ આફ્રિકામાં વેપાર કરતી પોરબંદરની એક મેમણ પેઢીનું એક વર્ષની નોકરીનું કહેણું આવ્યું. તેમણે એ કામગીરી સ્વીકારી લીધી અને નાતાલ ગયા. ત્યાં એક અઠવાડિયું રોકાઈ એ પેઢીના ચાલીશ હજાર પાઉન્ડના દાવા અંગે ચાલતા કેસ માટે પ્રિટોરિયા જવા ઉપડ્યા. આ મેમણ પેઢીના શેઠ અબ્દુલ્લા અને પ્રતિપક્ષી તૈયબ શેઠ બંને નજીકના સગા પણ હતા. એટલે કેસની સંપૂર્ણ વિગત જાણી લઈ એ કેસને ઘરમેળે પતાવવાના મનોરથો પણ ગાંધીજીએ સેવ્યો. બારિસ્ટરના મોભાને છાજે એ રીતે ટ્રેનમાં એમણે પહેલાં વર્ગની ટિકિટ કઢાવી. પણ 'એ કુલી બારિસ્ટર' હતા. એટલે રાત્રે ટ્રેન મેરિત્સબર્ગ સ્ટેશને પહોંચી ત્યારે એક અમલદારનો આદેશ થયો : 'તમારે છેલ્લા ડબ્બામાં જવાનું છે.' ગાંધીજીએ દલીલ કરી : 'મારી પાસે પહેલા વર્ગની ટિકીટ છે.' અને ન ઊતરવાની હઠ પકડી. પરિણામે એમને ધક્કો મારીને ઉતારવામાં આવ્યા. ત્યાં એમને આખી રાત કડકડતી ઠંડીમાં ચિંતનમગ્ન દશામાં વિતાવી. અંતે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે 'મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું; ઊંડે રહેલા એક મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ દૂર કરવાનું વિદેશી ધરતી પરનું ગાંધીનું પહેલું રચનાત્મક કાર્ય હતું.'